Divyabhaskar

EDII

(Businessbhaskar)
September 24, 2018
Pg.3

## દરેક દેશ ઈકોસિસ્ટમ ઊભી કરવા રાજકીય, સામાજિક અને આર્થિક પડકારોનો સામનો કરે છે

# ઉભરતા સ્ટાર્ટઅપે વૈશ્વિક બજારને પારખવા પડશે


**સ્ટાર્ટઅપ ટોક**

ડૉ. કવિતા સક્સેના

સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમમાં વૃદ્ધિ થઈ હોવા છતાં ભારત ગ્લોબલ સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ પાસેથી ઘણું શીખી શકે છે. ખાસ કરીને સિંગાપોર અને કેનેડાના બે રોલ મોડલ અંગે આ લેખમાં આપણે ચર્ચા કરીશું તેના આધારે ભારત શું કરી શકે તે જાણવામાં સરળતા રહેશે.

**સિંગાપોર :** ફિન્ટેકનાં કેન્દ્ર તરીકે પ્રસિદ્ધ સિંગાપોરે સતત સાતમા વર્ષે વ્યવસાય માટે સૌથી વધુ અનૂકૂળ દેશ તરીકે સ્થાન મેળવ્યું છે. દેશમાં ફિન્ટેક, ડિજિટલ મીડિયા, બિગ ડેટા અને એનાલીટિક્સનાં ક્ષેત્રોમાં આશરે 4,300 સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે. સિંગાપોરની સરકાર ઈક્વિટી, બિઝનેસ ઈન્ક્યુબેટર, ડેટ ફાઈનાન્સિંગ અને ટેક્સ ઈન્સેન્ટિવ્સ સહિત વિવિધ નાણાકીય યોજનાઓ મારફતે નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને ટેકો આપે છે.

ફિન્ટેક ક્ષેત્રમાં આપણાં દેશ માટે સિંગાપોર શ્રેષ્ઠ ઉદાહરણ છે, જ્યાં બેંકો ફિન્ટેક કંપનીઓને સાથીદાર તરીકે ગણે છે નહીકે સ્પર્ધક, જે દેશનાં અર્થતંત્રને વિક્ષેપિત કરે છે. ફિન્ટેક કંપનીઓ સાથે જોડાણ કરવાથી બેંકો ગ્રાહકને શ્રેષ્ઠ અનુભવ આપવા અને તેમની ટેકનોલોજીને મજબૂત કરવા એમ્બેડેડ સોલ્યુશન્સ ઓફર કરશે. સિંગાપોર વૈશ્વિક-કક્ષાની શૈક્ષણિક વ્યવસ્થા માટે પ્રસિદ્ધ હોવાથી ભારતીય યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ પ્રાથમિક શિક્ષણથી રચનાત્મકતા અને નવીનતાને પ્રોત્સાહન આપવા સિંગાપોરની યુનિવર્સિટીઓ સાથે જોડાણ કરી શકે છે.




**કેનેડા :** કેનેડા ગ્લોબલ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ રેન્કિંગમાં ત્રીજો રેન્ક ધરાવે છે. એઆઈ, હેલ્થ એન્ડ લાઈફ સાયન્સિસ, બિગ ડેટા એન્ડ એનાલીટિક્સ, ફિનટેક, વીડિયોગેમ્સ અને અત્યાધુનિક ઉત્પાદન અને રોબોટિક્સ કેનેડાનાં મુખ્ય પેટાક્ષેત્રો છે. કેનેડાની સરકાર સ્ટાર્ટ-અપ્સને અડધું ફંડિંગ પ્રદાન કરીને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપે છે. અન્ય નાણાકીય સાથસહકારમાં 500 સ્ટાર્ટઅપ્સ કેનેડિયન ફંડ, ધ સાયન્ટિફિક રિસર્ચ એન્ડ એક્સપેરિમેન્ટલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ, સંશોધન કરતી કંપનીઓ માટે સંઘીય કરવેરામાં છૂટછાટ તેમજ ટેકનોલોજી વિકસાવવા માટે ફંડિંગ અને સલાહકારી સેવાઓ સાથે ઉદ્યોગસાહસિકતા પ્રદાન કરતો ઔદ્યોગિક સંશોધન સહાય કાર્યક્રમ સામેલ છે.

ભારત સરકારે પણ કેનેડા જેવી તકો આપી શકે છે, જેણે સ્ટાર્ટઅપ્સ માટે 100 મિલિયન ડોલરનો પ્રોક્યરમેન્ટ પ્રોગ્રામ શરૂ કર્યો છે, જેમાં સરકાર સ્ટાર્ટઅપ્સ ના ઉત્પાદનો અને સેવાઓની સૌથી મોટી ગ્રાહક બને છે, જેનાથી સ્ટાર્ટઅપ્સની બજારમાં વિશ્વસનિયતા અને મૂલ્ય વધે છે. આ પ્રકારની પહેલો તમામ કેસમાં શક્ય ન હોય એવું બની શકે છે, છતાં આ પ્રકારનાં પ્રોત્સાહનજનક પ્રયાસો હાથ ધરીને ભારત સરકાર થોડાં સ્ટાર્ટઅપ્સને સપોર્ટ પણ કરી શકે છે. ભારત સરકારે સ્ટાર્ટઅપ્સ માટે વિવિધ કાર્યક્રમો, છૂટછાટો અને નીતિઓ બનાવી હોવા છતાં સહ-નવીનતા માટે કેનેડિયન સ્ટાર્ટઅપ્સ સાથે જોડાણ કરવાથી ભારતને સ્થાયીત્વ અને હેલ્થકેર જેવા મહત્ત્વપૂર્ણ વ્યાવસાયિક ક્ષેત્રોમાં મદદ મળશે.

દરેક દેશ ઈકોસિસ્ટમ ઊભી કરવા રાજકીય, સામાજિક અને આર્થિક પડકારોનો સામનો કરે છે, જે સ્ટાર્ટ-અપ્સને સફળતા મળે એ માટે પ્રોત્સાહન આપે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સ્ટાર્ટ-અપ ઊભું કરવા માટે અત્યાર કરતા શ્રેષ્ઠ સમય આવ્યો નથી, પણ સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ ઊભી કરવા દેશને એનાં વિકાસનાં દરેક તબક્કે જરૂરિયાતની આકારણી કરવી પડે છે તથા નીતિગત વ્યવસ્થા મારફતે કે આ પ્રકારની સમસ્યાઓનું સફળતાપૂર્વક સમાધાન કરવા પ્લેટફોર્મ ઊભું કરીને આ જરૂરિયાતો પૂર્ણ કરવા ધ્યાન કેન્દ્રિત કરવું પડે છે. નીતિનિર્માતાઓ માટે કટિબદ્ધ રોકાણો અને આકરાં નિર્ણયો ઈકોસિસ્ટમ ઊભી કરવા જરૂરી છે, જે રચનાત્મકતા અને નવીનતા દ્વારા સંચાલિત હોય.

(લેખક:ફેકલ્ટી, આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા છે) kavita@ediindia.org